# ઉત્થાન

॥ तमसो मा ज्योतिर्गमय ॥

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૨ | ઓક્ટોબર-૨૦૦૯(માસિકઅંક) | * વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/- * છુટક નકલ રૂ. ૫/- | સળંગ અંક : ૧૬



* તંત્રીશ્રી :

પ્રિ. ડૉ. વિમલ જોષી

* મદદનીશ તંત્રીશ્રી :

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

* સહ તંત્રીશ્રીઓ :

ડૉ. જી. સી. કાછીઆ (આમંત્રિત)

પ્રા. વિજય પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

પ્રા. બી.ડી.જોષી

* વિદ્યાર્થી સંપાદકો :

ફરહાનાબાનુ દિવાન

પ્રતિક્ષા પ્રજાપતિ

મૌલિક પટેલ

શાવલિયા શૈલેષ

બારોટ ભૂમિકા

પટેલ ધ્રુવિબેન

પટેલ તુલસી



* પ્રકાશક :

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં.: ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :

www.petladcollege.com


તંત્રીશ્રીની કલમે....

## દેશમાં થતા આર્થિક કૌભાંડો – સંમિલિત (Inclusive) વિકાસમાં અવરોધક પરિબળ

છેલ્લા કેટલાક વર્ષોથી આપણા દેશે જુદા જુદા ક્ષેત્રમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ કરેલ વિકાસ અને મેળવેલી સિદ્ધિઓ નોંધપાત્ર રહી છે. આમ, ઘણાબધા અવરોધક પરિબળો વચ્ચે પણ આપણું રાષ્ટ્ર 'અખંડ' રહીને સર્વાંગી વિકાસ તરફ મક્કમતાપૂર્વક નિશ્ચિત રીતે આગળ વધી રહ્યું છે. તે દરેક દેશવાસીઓ માટે ગૌરવ લેવા જેવી હકીકત છે. પરંતુ, રાષ્ટ્રના વિકાસની આડે આવતા કેટલાક પરિબળો પૈકી આપણા દેશમાં આચરવામાં આવતા 'આર્થિક કૌભાંડો ' એક અવગણી શકાય નહીં તેવું માનવસર્જીત અવરોધક પરિબળ છે. છેલ્લા ઘણા સમયથી, પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારિત થયેલા સમાચાર મુજબ, આપણા દેશમાં અબજા-અબજો રૂપિયાના નાના મોટા આર્થિક કૌભાંડો થઈ ચૂક્યા છે. તેના અનુસંધાનમાં સરકારશ્રી દ્વારા તપાસ પણ ચાલે છે. તેમાંથી કેટલાના અસરકારક પરિણામ આપશે એ એક પ્રશ્ન છે. પરંતુ, ખરેખર સાચી તપાસ અને નક્કર કાર્યવાહી કર્યા બાદ ગુનેગારોને સજા થાય છે ખરી ? અથવા થશે ખરી ? આ પ્રશ્નો આમ જનતા માટે ખૂબજ અગત્ય ધરાવે છે. છતાં તેનો સંતોષકારક ઉત્તર મળતો નથી !!!

કોઈપણ રાષ્ટ્રના સંમિલિત વિકાસમાં આર્થિક બાબત એ "કરોડરજ્જુ" સમાન છે. તો આવા કૌભાંડો તેની કરોડરજ્જુ ને નબળી ના પાડી શકે ? આ પણ એક સળગતો પ્રશ્ન છે. તો પછી તેને અટકાવવાએ તમામ રાષ્ટ્રપ્રેમી દેશવાસીઓની નૈતિક ફરજ છે. અલબત્ત આ પ્રકારના કૌભાંડો આચરનારા અને તેને છાવરનારાઓને કડકમાં કડક તથા નક્કર સજા નહીં થાય ત્યાં સુધી તેને અટકાવી શકાશે નહીં અને મનવાંછિત પ્રગતિ કરી શકાશે કે કેમ ? તે બાબત એક પ્રશ્નાર્થ બની રહેશે.


email : vsjoshi69@rediffmail.com.

# હે ભગવાન !

# મંદી અને મંદિર

ઘણા માણસો મંદિરમાં ના ગયા હોય, એના કરતાં વધારેવાર કોર્ટમાં ગયા હોય છે. મંદિર માટે પણ કોર્ટમાં જવું પડે છે ! અને પછી, કોર્ટના ધક્કે એવો ચઢે કે માણસ મંદિરના પગથિયા ચઢતો થઈ જાય ! એક નોકરે એના માલિક પર કેસ કરી દીધો. શનિ વક્રી થાય ત્યારે આવું બને.

મારો માલિક રોજ પૂજા કર્યા પછી, બધાને પ્રસાદ વ્હેંચે છે, પણ મને નથી આપતો.' ઈગો-ઈસ્ટીક માલિકો,' નોકરની બાબતમાં બિનસાંપ્રદાયિક બની જાય છે ? આ મંદીમાં માલિક પ્રસાદ કરતાં પગાર રેગ્યુલર આપે એ વધારે મહત્વનું છે. મંદીમાં માલિકને પણ મંદિર યાદ આવી જાય છે. મંદીનો મારો વધે ત્યારે, મંદિરમાં ઘસારો વધી જાય છે. પણ પ્રસાદ વહેંચાય ત્યારે મંદીની અસર નોકર પર થાય છે ! હક માગવો હોય ત્યારે માલિકો કોર્ટમાં અને નોકરો મંદિરમાં જતા હોય છે, પણ મંદીમાં મગજ એવું ફરી જાય છે, કે નોકર કોર્ટમાં અને માલિકો મંદિરમાં જવા લાગ્યા છે ! પગાર વધારાની ડીમાન્ડ માલિક આગળ કરવા જાય તો નોકરી જતી રહે એવી હાલત છે. અને ધરતીના મોટા માલિક પાસે આ ડીમાન્ડ કરવા જાય તો, ભગવાન સપનામાં આવીને ચોખ્ખું પધરાવી દે ! 'સીધે-સીધુ ભણ્યો હોત તો ? આ ડીમાન્ડ ના કરવી પડત ! પાંચ રૂપિયાના દાનમાં, પાંચ હજારનું ઈન્ક્રીમેન્ટ માંગો તો ભલભલા માલિક અકળાય !

ભગવાન પાસે લોકોએ પાંચ રૂપિયામાં જાત-જાતનું માંગી લેવું છે. શ્રીફળના ભાવ દસ રૂપિયા થઈ ગયા, ત્યારથી. શ્રીફળ પણ લોકો અડધુ જ વધેરે છે, અડધું ભગવાનને આપીને અડધુ ઘરે લઈ જાય છે. ઘણા તો પાણીનો છંટકાવ કરીને આખે આખું ઘરે લઈ જાય છે.બીજે દિવસે ઈડલી-ઢોંસા સાથે કોપરાની ચટણીનો પ્રસાદ બનાવીને ખાવાનો સમય આવી ગયો છે. આમાં તમે જ વિચારો ભગવાન પાસે શું રહ્યું ? શ્રીફળ વધેરતી વખતનો અવાજ જ રહ્યો ને ! 'ઠક' ! 'હે ભગવાન, માગું એ દેજે !'

'હારા, ખોખલા ભગત !' તું મારા નામનું વધેરીને ઘરે ચટણી બનાવીને ખાઈ જાય છે ! ને મને માગું એ દેજે કહે છે ! પછી ભગવાન પણ આપતી વખતે 'ઠક, ઠકા, ઠક ' જ કરે ને ! તો પછી ...... 'ભગવાન, પાસે તમે શું માંગો ? '

'હે ઈશ્વર, મારા છોકરાને, અમેરિકામાં સરકારી નોકરી મળી જાય !'

ટી.એ., ડી.એ.. વાળા બાપુજીઓ આનાથી વધારે માંગી પણ નથી શકતા ! માટે ભાગ પહેલી તારીખે જ ભગવાનના મંદિર જઈ શકે છે ! આખર તારીખમાં મંદિરમાં પણ મંદી હોય છે. દાનપેટીમાં કંઈ નાંખ્યા વગર માંગે એને તો ઈશ્વર પણ ભિખારી કહે ! (જોઈ જાય તો, પૂજારી તો ચોક્કસ કહે !) 'હારો, ' ખોખલો ભગત ! પેટીમાં, કાંઈ નાંખતો નથીને પગાર, વધારામાં, વીસ ટકા માંગે છે.'

સેવા, સમર્પણ, સદ્ભાવના ! આવા સૂત્રો શિક્ષણ જગતના હતા ! હવે મંદિરના સૂત્રો મંદીમાં બદલાઈને મેવા, માલ અને ડોનેશન થઈ ગયા છે ! પોતાના લાડકા 'સન ' ને ઉચ્ચ શિક્ષણ આપવા માટે ડેડીએ 'ડોન' બનવું પડે ! ડેડી , ડોન બની જાય ત્યારે જ ડોનેશન આપી શકે તેટલી મંદી છે. ગરીબ બાળકોને શિક્ષણ આપવા માટે ભોજન આપવું પડે છે ! હવે, તમે જ કહો કે આવા બાળકનો પિતા ભગવાન પાસે શું માંગે ?

'હે ભગવાન, જો જે આ મધ્યાહન ભોજન યોજના બંધ ના થઈ જાય ! નહીંતર, મારો છોકરો સવારે શુ ખાશે ! શિક્ષણની ચિંતા નથી, ભોજનની છે ! ને ચિંતા મંદીની થઈ રહી છે. ગરીબી હોય ત્યાં તેજી-મંદી કામ નથી કરતી, ભોજન કામ કરે છે ! મંદી હંમેશા અમીરોને નડે છે. ગરીબોને તો એની આદત હોય છે !'

'હવે, તમે જ બોલો, ભગવાન પાસે તમે શું માગો ? '

'હે ભગવાન, આ દેશમાંથી અજ્ઞાન ક્યારે હટશે ! '

'શિક્ષિણ આવશે ત્યારે ! '

'તો હે મહાદેવ, શિક્ષણ ક્યારે આવશે ? '

'ગરીબી હટશે ત્યારે ! '

'તો મારા મહાપ્રભુ, મારે શું કરવું ! '

'હટી જવું '

દેશમાં દર સો ફૂટે એક મંદિર અથવા મસ્જિદ છે. અને દર ચાર ફૂટે એક ગરીબ ! (ગરીબોની હાઈટ ચાર ફૂટથી વધારે ના હોય ! મંદીવાળા કાપી નાંખે !)

'હવે તમે વિચારો ! ભગવાન પાસે તમે શું માંગો ? '

'હે ભગવાન, આ દેશમાંથી મંદી ક્યારે હટશે ? '

'લોકો ગ્લુકોઝના બિસ્કીટ ખાશે ત્યારે ?'

'મંદી મગજમાં હોય છે. ગ્લુકોઝથી મગજ ફ્રેશ રહે છે. ' પણ વિરાટ પ્રભુ, ગરીબો તો આખી જીંદગી ગ્લુકોઝ બિસ્કીટ પર ખેંચી કાઢે છે ! એમની મંદી કેમ નથી હટતી ?

'કીધું તો ખરું કે મંદી મગજમાં હોય છે. ગરીબોને ગ્લુકોઝ ખાધા પછી મહાભયાનક તેજીનો અહેસાસ થતો હોય છે. માઈન્ડ પ્રોસેસ ! '

ગરીબોને મંદીનો અહેસાસ હોતો નથી. એટલે એ લોકો મંદિરમાં ... પગથીયે જ બેસી રહે છે ! !

શ્રીફળ પોસાય એ મંદીમાં ? મંદિર જઈ શકે ! બાકીનો વર્ગ મંદિરના પગથીયે જ હોય ! પછી ત્યાંથી બેઠા-બેઠા, ભક્તો પાસે પૈસા અને ભગવાન પાસે આજી-જી કર્યા કરે છે !

'હે ભગવાન, એ તો જણાવો કે અમારી કઈ પેઢીને વાંચતા-લખતા આવડશે ? '

'છેલ્લી પેઢીને ! '

'હાય હાય ! ત્યાં સુધી રાહ જોવાની ? '

'ના ! તું જીવે છે ત્યાં સુધી જ જોવાની ! તું આ મંદીમાં અભણ અને કુ-પોષણ સાથે ઉકલી જઈશ પછી અમે શિક્ષણનો વ્યાપ કરીશું ! આપણે બધા ભાઈબહેન હોવાને નાતે, બાકીના બચેલા તારી પેઢી જ કહેવાય ને ! '

ગરીબોને પેઢીમાં જ વાટકો તો હોય છે !

'ભગવાન, મારા શેઠે મને પ્રસાદ ન આપ્યો તો પ્રસાદ મેળવવા માટે ક્યાં જાઉં ! '

'કોર્ટમાં '

'કોર્ટમાં અને મંદીના પ્રસાદમાં હંમેશાં મુદતો જ પડે છે. '

'તો આ ગરીબ બિચારો જાય ક્યાં ? '

'મંદિરમાં'

આવી જ રીતે એક અમીરે મંદીથી કંટાળીને ફરિયાદ કરી કોર્ટમાં !

'નામદાર ! આ ભિખારીઓ ટ્રાફિક સિગ્નલ પર ભીખ માંગી અમને હેરાન કરે છે. તો આ મંદીમાં અમારે શું કરવું'

અને એક ગરીબ ભિખારીએ કંટાળીને ફરીયાદ કરી.

'ઈશ્વર ! આ અમીર જવાનો, ટ્રાફિક સીગ્નલ પર એમની ગાડીના કાચ પણ ખોલતા નથી ! તો આ મંદિમાં અમારે શું કરવું ? '

મંદીની આટલી ખરાબ અસરો છે. અમીરો કોર્ટમાં અને ગરીબો ભગવાન પાસે દાદ માંગ્યા કરે છે. છેલ્લી બે મહત્વની દાદ !

'હે ભગવાન ! આ દેશમાંથી ગરીબી ક્યારે હટશે ? '

'બુલડોઝર આવશે ત્યારે ? '

'હે ભગવાન ! આ દેશમાં અમીરી ક્યારે આવશે ? '

'ગરીબી હટશે ત્યારે ! ! ! '

'મંદીએ અમીરોનું ગરીબ સ્વરૂપ છે અને બંનેને હટાવવા માટે બુલડોઝર જોઈએ ! '

'હે ભગવાન ! બુલડોઝર ક્યારે આવશે !? '

સોલંકી ઈન્દિરા એન.
એફ.વાય.બી.એ. રોલ નં. ૨૫

* * *

## જાણવા જેવું

૧) સંસારમાં સૌથી મીઠી વસ્તુ કઈ છે ?
**બાળકની મુસ્કાન**

૨) મનુષ્યના જીવનમાં આવીને જતું નથી એ શું છે ? - **ઘડપણ**

૩) દરેક મોટી ચીજમાં નાની સમાય છે અને નાની ચીજમાં મોટી સમાય છે. એવી કઈ વસ્તુ છે.
**- આસમાન અને આંખની કીકી, આંખની કીકીમાં આસમાન સમાય છે.**

૪) પવનથી વધારે ગતિ શાની છે ?
**- માણસના વિચારોની**

૫) દુનિયામાં સૌથી અગત્યની ચીજ કઈ છે ?
**- જિંદગી**

૬) દુનિયામાં સૌથી વધુ સફેદ વસ્તુ કઈ છે ?
**- રોશની, રોશનીથી અંધકાર ગાયબ થઈ જાય છે. સફેદ વસ્તુ વધુ સફેદ દેખાય છે.**

૭) જિંદગીમાં એવી કઈ કઈ વસ્તુ છે જે આવીને જતી રહે છે. **- બાળપણ અને યુવાની**

૮) એવી કઈ ચીજ છે કે જે ચાંદ અને સૂરજ જોઈ શકતાં નથી - **અંધકાર**

**પટેલીયા સેમ્યુલકુમાર ડી. -એમ.એ.પાર્ટ-૧, રોલ નં. ૫૮**

## જરા હસીએ....

૧) એક સ્કૂલમાં ત્રણ ભાઈઓ ભણતા હતાં. શિક્ષકે સૌથી નાના ભાઈને પૂછ્યું કે તારા બે મોટા ભાઈઓને મૂંછ નથી. પણ તને મૂંછ આવી ગઈ છે. જો કે તે બંને કરતાં તુ નાનો છે તો આવું કેમ ?
સૌથી નાના ભાઈએ જવાબ આપ્યો કે મારો ચહેરો મારા પપ્પા પર ગયો છે અને બંને મોટા ભાઈઓના ચહેરા 'મા' પર ગયા છે.

* * *

૨) પિતાએ ગુસ્સાથી તેના દિકરાને કહ્યું-કારનું શું કરીશ ? ઈશ્વરે બે પગ શું કરવા આપ્યાં છે ?
દિકરો : બ્રેક અને એક્સીલેટર દબાવવા માટે.

* * *

૩) પત્ની : મને ભિખારીઓથી નફરત થઈ ગઈ છે.
પતિ : કેમ ?
પત્ની : કાલે મેં એક ભિખારીને જમવાનું આપ્યું હતું. આજે એ ભિખારીએ મને એક પુસ્તક ભેટમાં આપ્યું કે જમવાનું કેવી રીતે બનાવવું.

* * *

૪) કન્યા જોવા ગયેલા મૂરતિયાના પિતા હરકિશનદાસે કન્યા કામિનીને પૂછ્યું, બેટા તું કેટલી ભણી છે ?
કામિની : જી, બી.એ.
હરકિશનદાસે અક્કલનું પ્રદર્શન કરતાં કહ્યું કે, બસ માત્ર બે અક્ષર અને તે પણ ઉલ્ટા. મારો પુત્ર તો હાઈસ્કૂલ સુધી ભણેલો છે.

**પટેલીયા સેમ્યુલકુમાર ડી. -એમ.એ.પાર્ટ-૧, રોલ નં. ૫૮**

## જીવન એ

જીવન દેખા જા સકતા હૈ, આંખો સે
જીવન પ્રકાશિત કિયા જાતા હૈ, અપને કર્મો સે
જીવન સફળબનાયા જાતા હૈ, મહેનત સે
જીવન સમૃદ્ધ કિયા જાતા હૈ, બુદ્ધિ સે
જીવન નિભાયા જાતા હૈ, પ્યાર સે
જીવન કો જીતાયા જાતા હૈ, અપને બલ સે
અકસર ખુશી યહ હૈ કી,
જીવન ઉસીકો કહેતે હૈ
જો દૂસરો કે લીયે જિયા જાતા હૈ ।

## નોકરીની શોધમાં

ફરું છું તારી શોધમાં
નથી મળતી તું મને
તારા વિનાનું જીવન આ મારું
પાગલ બનાવ્યો છે તે મુજને
મારા જેવા હજારો ફરે છે તારી પાછળ
તું તો બધાને લલચાવી રહી છે.
લાખો પત્ર લખી ચૂક્યો છું તને
તું જરૂર મળીશ મને
અરે ! મિત્રો આ વાત નથી કોઈ છોકરીની
આ તો વાત છે, નોકરીની.

**-મકવાણા રાકેશ એમ., એફ.વાય.બી.એ. રોલ નં. ૭**

## 'કાલે કોલેજના પગથિયે'

કાલે કોલેજનાં પગથિયે મેં એક છોકરી જઈ હતી.
શરમાતી ને મનમાં હરખાતી રૂપસુંદરી જોઈ હતી.
હતા એક હાથમાં પુસ્તકો, ને બીજા હાથમાં મહેંદી.
એ અદાથી ઊભી હતી જાણે સ્વર્ગની સહેજાદી.
સરળતા ભર્યું એના હોઠ પર આછું સ્મિત હતું,
ને કાજળ ભરેલી આંખો હતી સીધી-સાદી
કાલે કોલેજના પગથિયે.....
સ્ફૂર્તિલા વાતાવરણથી એનો કંઈક અલગ વૈભવ હતો
પવન સાથે મીઠો મલકતો એનો પાલવ હતો
રાતરાણીની ખૂશ્બુની સરકતી દેહકાયા એની હતી
કાલે કોલેજના પગથિયે.....
ઋતુઓને શરમાવતી હતી એની જુવાની
જાણે પ્રણય ઊર્મિઓ સાથે ઘેલછા કરતી એની જુવાની.
પ્રભાતી કિરણોની ઝલક છલકાવતી ઊભી હતી
કાલે કોલેજનાં પગથિયે.....
મુખ એનું ફૂલોની મહેંકથી ખીલતુ હતું
હૈયું મારું રૂપ વિશે એનો ગઝલ લખતું હતું.
કોની એ 'પ્રેમિકા' હશે ? ને કોનો એને ઈન્તઝાર
એ તો હતી એના દિલની વાત બીજુ કોણ જાણતુ હતું
કાલે કોલેજના પગથિયે.....
નથી મળતા શબ્દો એના વિશે લખવાં મને
કલ્પના મારી નકામી કરે શબ્દોથી ચીરતવા.

જોયાં પછી હું એમને વિનવું છું,
ખૂબ સુંદર છો, ખૂબ રૂપાળા છો
તમે કહેજો દોસ્તો.
-ચિરાગ ડાભી,એમ.એ. ભાગ-૨, રોલ નં. ૮૭

## ખેડૂત કહે છે...

ખેડૂત કહે છે, કે હે વીજ માસ્તરજી
હવે વીજના ભાવ તો કરો ઓધાજી
ખેડૂત કહે છે, વીજ આવે છે આઠ કલાકજી
તો કરો ને વીજ બાર કલાકજી
શું કામ નથી કરતા ચાર કલાક વધારેજી
કંપનીના હેડ માસ્તરજી
બિયારણ આપોને વધુ સારાજી
ઉત્પાદન કરાવોને ભરચકજી
મેઘરાજ તો થયા છે, ભાઈ કોપાય માનજી
થોડાક વરસ્યાને બંધ થઈ ગયાજી
આજકાલ ભાવ આસમાને પહોંચ્યાજી
શું ચાલીસ રૂપિયાનો ગોળ ખાઈને બેસી રહીએજી
આમાં ખેડૂત થઈ જશે પાયમાલજી
જગતના તાતને પરેશાન શું કામ કરોજી
આપણો ખેડૂત થાશે સમુદ્ધજી
ભારત દેશ થાશે સમુદ્ધ જ સમુદ્ધજી

**-કાછીઆ રીકું કે., એફ.વાય.બી.એ. રોલ નં. ૧૮૮**

## 'સ્મિત પર'

તમે ઈર્ષા કરો છો કાં અમારી હાર પર
ઈજારો કોઈનો કયાં છે ગઝલ કે ગીત પર ?
તમે સંબંધ ને શકની નજરથી ના જુઓ,
કદી ના રાખશો પ્હેરા, અમારી પ્રીત પર
પ્રણય માટે બધી જ મોસમ બરાબર હોય છે ?
તિથિ-તોરણ હવે, લટકાવ નહીં તું ભીંત પર
જમાનાની નજર લાગી અમારા પ્રેમને
ભરે છે કોણ પગલાં અહીં રિવાજો-રીત પર ?
અબોલા આમ ના લેશો 'શીતુ' કારણ વગર,
અમારા શ્વાસ ચાલે છે, તમારા સ્મિત પર
'મિત્રોની મહેફીલ'
જે મૈત્રીમાં છે એને સાચવી લેજો

## 'દિલો કી દાસ્તાન'

દિલો કી દાસ્તાન ઉન્હે કહાં કુબુલ થી
મેરી વફાએ ઉનકે લીયે ફીઝૂલ થી
કોઈ આંસ નહીં લેકીન ઈતના તો બતાદો
મેંને ચાહા આપકો બસ યહીં મેરી ભૂલ થી !!!
ઠુકરા કે ઉન્સે મુજે કહીં કી મુસ્કુરાઓ
મેને હસ દિયા આખીર સવાલ ઉનકી ખુશીકા થા
મેંને ખોયા વો જો મેરા થાહીં નહીં
ઉસને ખોયા વો જો સીર્ફ ઉસીકા થા
કદમ કદમ પે બહારોને સાથ છોડા
જરૂરત પડને પર યારોને સાથ છોડા

દા કીયા સીતારોને સાથ દેને કા
બહ હોને પર સીતારોને ભીં સાથ છોડા
પાટડીયા ધવલ એસ., એમ.એ.પાર્ટ-૧, રોલ નં. ૩૨

## સરદાર સરોવર યોજના (નર્મદા યોજના)

- **યોજનાના ઘડવૈયા** - લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ હતા.
- **મુખ્ય હેતુ** - પીવાનું પાણી, સિંચાઈની ક્ષમતામાં વધારો, વીજળી ઉત્પાદન, આર્થિક વિકાસને પ્રોત્સાહન
- **સ્થળ** - ભરૂચથી ૧૨૦ કી.મી. દૂર નવાગામથી ૫૬ કિ.મી. ઉપરવાસ
- **માપ** - પાયાથી વધુમાં વધુ ઉંચાઈ ૧૬૩ મીટર બંધની પૂર્ણ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર લંબાઈ ૧૨૧૦ મીટર.
- **સંગ્રહ શક્તિ** - આશરે ૭૭ લાખ એકર ફૂટ પાણી
- **બંધનું જળાશય** - બંધના કારણે રચનાર જળાશયની લંબાઈ ૨૪૦ કી.મી. અને પહોળાઈ ૧૭૬ કી.મી.
- **લંબાઈ** - સમગ્ર નહેર બંધની લંબાઈ ૪૦૦૦ કી.મી.
- **વીજ ઉત્પાદન** - ૧૪૫૦ મેગવૉટ વિદ્યુતશક્તિ
- **આવક** - ૧૪૦૦ કરોડ રૂ. વાર્ષિક આવક.

ટી.વાય.બી.એ. સમગ્ર કલાસ-અર્થશાસ્ત્ર

## ઝંખના

તમારા જીવનની સુવાસ બની
મહેંકી જવા ઝંખે છે મન મારું
તમારા હોઠનું સ્મિત બની,
વેરાઈ જવા ઝંખે છે મનમારું
તમારા શ્વાસની સુગંધ બની
રેલાઈ જવા ઝંખે છે. મન મારું
તમારી નજરના તીરથી,
ઘાયલ થવા ઝંખે છે મન મારું
તમારી દરેક ધડકન બની,
ધડકી જવા ઝંખે છે મન મારું
તમારા પ્રણયમાં પાગલ બની,
મસ્ત રહેવા ઝંખે છે મન મારું
તમારી બાહોમાં આજીવન
પસાર કરવા ઝંખે છે મન મારું.

-પટેલ તુલસી પી., એમ.એ-પાર્ટ-૧, રોલ નં. ૫૪

## શબ્દો

વિના કારણ કોઈવાર, સરી જાય છે શબ્દો,
તે કોઈવાર અશ્રુ બની વહી જાય છે શબ્દો,
કહેવાનું છે ઘણું કઈ રીતે કહું
નજર સામે આવે તું ને રહી જાય છે શબ્દો
પણ એવી એકાદ ક્ષણ, આવે જીંદગીમાં
મૌન રહેવા છતાં ઘણું બધુ કહી જાય છે શબ્દો
અંતિમ શ્વાસે તો એટલી શક્તિ આપજે
કંઠ સુધી આવીને રહી જાય છે શબ્દો
કલમની તાકાત જો ઓછીના તાંકશો
એના વડે તો ઈતિહાસ રચી જાય છે શબ્દો
એવું તો કોઈને ના કહેશો બુઝદિલ
દિલ પર ઊંડા ઘાવ કરી જાય છે શબ્દો

## 'ઘા'

સ્મૃતિઓ એની અકબંધ હતી
છતાં એમની વ્યથા વહેતી હતી
ધનીકોને મન એ મજાક હતી.
લાખો દુખિયારોનું દર્દ રેલાતું હતું.
સમજાતું નથી કે વહેણ કેવાં હતાં.
વેદનાને વિંધતા ખેડયા હતા 'ઘા'
ઝાંઝવાના નીર પાસે નમવું પડયું હતું
સાથી હોવા છતાં અસહાય થવું પડયું હતું.
દરેક ક્ષણને પલમાં ખોઈ હતી
સંબંધની મજબૂત સાંકળો તૂટી જવાથી.

-પટેલ તુલસી પી., એમ.એ-પાર્ટ-૧, રોલ નં. ૫૪

## What is Life ?

- Life is Book....... Study it .....
- Life is Beauty....... Workship it ......
- Life is Challenge....... Meet it .....
- Life is a Dream....... Realise it .....
- Life is a Sorrow ....... Overcome it .....
- Life is a Tragedy....... Face it .....
- Life is a Song....... Sing it .....
- Life is a Love....... Enjoy it .....
- Life is a Game....... Paly it .....
- Life is a Adventure....... Dare it .....
- Life is a Promise....... Fulfil it .....
- Life is a Struggle....... Accept it .....
- Life is a Russ....... Test it .....
- Life is a Duty....... Perform it .....
- Life is a Journey....... End it .....

## Philosophy of Life

- Trust is Power of Life.....
- Trust is First step of love.....
- Trust thort we are dependable on it, not, on univerce......
- A trust, it self power can change water in to milk and stone in to Gold.
- A mistake of trustable is butter than a good thought of untrustable....

Patel Ravi B. T.Y.B.A., Roll No. 16

## અર્થશાસ્ત્ર વિભાગ સમાચાર

- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા દરેક શનિવા સેમિનાર કરવામાં આવે છે. તો તે સેમિનાર અંદર એફ.વાય.બી.એ, એસ.વાય.બી.એ અને ટી.વાય.બી.એ.ના બધા જ વિદ્યાર્થી તેમાં હાજર હોય છે. અને તે સેમિનારની અં તેજી-મંદી અને ફુગાવો, ભારતની આર્થિ સમસ્યાઓ, ખાનગીકરણ, વૈશ્વિકરણ અ ઉદારીકરણ, નાના ઉધોગો અને ગૃહ ઉધો જેવા વિષયો ઉપર દરેક વિદ્યાર્થીઓએ પોતા વિચારો રજુ કરી અને પોતાને ઉદ્ભવ પ્રશ્નોની ચર્ચાઓ પ્રો. પી.એસ.પટેલ, પ્ર સુધાબેન અને પ્રો. રજની આમ, આ પ્રો. દ્વ સેમિનારમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું માગદ પુરું પાડ્યું હતું.
- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા બાયસેક ઉ બતાવવામાં આવતા પ્રોગામો જેવા Poverty in India, Elasticiy Demand, Types of cost unemployment in Gurjrat, Pri Disceimination, Perfeet competiti monetary policy આ વિષયો ઉપરનું L પ્રસારણ દ્વારા એફ.વાય.બી.એ એસ.વાય.બી.એ, અને ટી.વાય.બી. ના વિદ્યાર્થીઓને બતાવવામાં આવે છે. પ્રો. પી.એસ.પટેલ અને પ્રો. ર વિદ્યાર્થીઓની સાથે હોય છે.
- અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ટી.વાય.બી.એ વિદ્યાર્થીઓને તા. ૧૦-૯-૦૯ ના કોમ્પ્યુટર લેબમાં ઈન્ટરનેટ વિશે પ્રો. ઉદ ઈન્ટરનેટ કેવી રીતે ચાલુ કરવું, કેવી રીતે ઉપયોગ કરવો તેમજ ઈમેલ આઈડીનું મ અને તે કેવી રીતે બનાવવું તેમજ અર્થશા વેબસાઈટ કેવી રીતે ઓપન કરવી

---

- બદલો લેવા કરતાં ક્ષમા આપવી હંમેશા શુભ કાર્ય બને છે.
- જ્ઞાનનું અંતિમ લક્ષ્ય ચારિત્ર્ય નિર્માણનું છે.
- રૂપ સારું છે પણ રૂપનું અભિમાન ખોટું છે.
- દાનમાં આપેલી વસ્તુ પાછી ન લેવાય.
- સાચુ શિક્ષણ સફળ જીવનનો પાયો છે.
- સફળતાનું રહસ્ય ઉદ્દેશ્યની સ્થિતિમાં છે.
- કદરૂપા મન કરતા કદરૂપો ચહેરો સારો.

તેમાંથી કેવી રીતે માહિતી મેળવવી તેમનું માર્ગદર્શન આપ્યું હતું. અને તેમાં પ્રો. પી.એસ.પટેલ અને પ્રો. રજની હાજર રહ્યા હતા.

❊ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓને તા. ૨-૯-૨૦૦૯ ના રોજ લાયબ્રેરીમાં જઈને પુસ્તકો વિશેની માહિતી તેમજ જુદા જુદા મેગેજિનો તેમજ અર્થસંકલનો આયોજન તેમજ કેટલીક બુકો વિશેની સમજૂતી અને કેવી રીતે બુકને શોધવી તેનું માર્ગદર્શન સુમનભાઈ પારેખે આપ્યું હતું. અને અમારી સાથે પ્રો. પી.એસ.પટેલ અને પ્રો. રજની સાથે રહ્યા હતા.

**લિ. અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ**

## એન.એસ.એસ.વિભાગ સમાચાર

### NSS One Day Camp - વડતાલ

તા. ૧૬-૯-૦૯ ના બુધવારના રોજ સવારે ૯-૦૦ કલાકે વડતાલ મુકામે જવા માટે પ્રસ્થાન કર્યું. સવારે ૧૦-૦૦ કલાકે વડતાલ સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. આરતી અને દર્શનનો લાભ લીધો. અમારી સાથે શ્રી S.V. Patel. Pro. Office N.S.S. ગ્રંથપાલ શ્રી સુમન પારેખ સર લાઈબ્રેરીના, પ્રો.ડૉ. ચૌધરી સર આવ્યા હતા. તથા શ્રી સુમન પારેખ સરે વડતાલ મંદિરના ઈતિહાસ વિશે માહિતી આપી. વડતાલ પવિત્ર યાત્રા ધામ છે અને જોવાલાયક સ્થળ પણ છે. તેમજ ધર્મ વિશેની જાણકારી આપી. ધર્મ જીવનનું ઘડતર કરે છે. વગેરે માહિતી આપી, બપોરે ૧૧ કલાકે પ્રસાદી જમવા માટે ગયા, ત્યાંથી જ્ઞાનબાગ ગયા, ત્યાં પણ જ્ઞાનબાગ વિશેની માહિતી આપી ત્યાંથી ગોમતી તળાવ જોવા માટે ગયા, ત્યાં એન.એસ.એસ. કેમ્પમાં જોડાયેલા સર્વ વિદ્યાર્થીની મિટિંગ કરી તેમાં લીડરે પોતાના અનુભવો આપ્યા. બે - ત્રણ વિદ્યાર્થીઓએ થોડી માહિતી પણ આપી. છેલ્લે સર્વેનો આભાર માન્યો. સાંજે ૪-૦૦ કલાકે પેટલાદ કોલેજમાં આવ્યા. સર્વેને આભાર.

**લિ. સુથાર જયશ્રીબેન કે. રોલ નંબર. ૫૬,**
**એફ.વાય.બી.એ. (સ્વયંસેવિકા)**

❊ **મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.**

❊ **જો તારલા આકાશના કવિ છે, તો માતા પૃથ્વી પરની કવિતા છે.**

❊ **જેની જિંદગી સારી, તેનાથી દૂર રહે બરબાદી.**

## ગણપતિ અગ્રપૂજ્ય કેમ ગણાયા ?

અનેક બુદ્ધિજીવી બહુધા આ પ્રશ્ન કર્યા જ કરતા હોય છે કે અનેક સુંદર, શક્તિશાળી અને તેજસ્વી દેવતાઓ હોવા છતાં ગણપતિને જ અગ્રપૂજ્ય તેમજ દેવતાઓના અધ્યક્ષ શા માટે બનાવવામાં આવ્યા ? એનું પૌરાણિક દૃષ્ટાંત એવું છે કે પોતાના અધ્યક્ષ ચૂંટવા માટે દેવતાઓએ સભા બોલાવી તથા એમાં પ્રસ્તાવ મુક્યો કે જે પોતાના વાહન પર ત્રણે લોક (પૃથ્વી, પાતાળ અને આકાશ) ની પરિક્રમા સૌથી પહેલાં કરી આવશે તેજ અમારો અધ્યક્ષ બનવાની યોગ્યતા ધરાવે છે તેમ મનાશે. બધા દેવતાઓ પોત-પોતાના તેજ ગતિવાળા વાહનો લઈને આકાશ માર્ગે ઊડયા. ગણેશજીનું ભારે શરીર અને વાહન ઉંદર-એ તો ત્યાં જ રહી પડયા. પરંતુ ગણેશજીએ ધીરજ ન ખોઈ, પરંતુ પોતાના માતા-પિતાની ત્રણ વખત પરિક્રમા કરીને સભાપતિના આસન પર બેસી ગયા. સૌથી પહેલા મોર પર આરૂઢ કાર્તિક સ્વામી આવ્યા. સભાપતિના આસન પર ગણેશજીને જોઈને તેમને ગુસ્સો આવ્યો, અને હાથમાં રહેલા મગડળથી ગણેશજી જેઓ લાડુ ખાઈ રહ્યા હતા તેમનાં દાંત પર પ્રહાર કર્યો. એમનો એક દાંત તૂટી ગયો. ત્યારથી ગણેશજી એક દંત કહેવાયા. ગણેશજીએ તર્ક કર્યો:

ત્રણે લોકોનું સુખ ઐશ્વર્યનો વાસ તો માતા-પિતાની ચરણ સેવામાં જ છે. મેં તેમની ચરણ-વંદના કરીને ત્રણ વાર પરિક્રમા કરી. આથી મને ત્રણે લોકની પરિક્રમાનું પુણ્ય મળી ગયું અને માતા-પિતાને મૂકીને જે ત્રણ લોકની પરિક્રમા કરે છે તે નિષ્ફળ છે - વ્યર્થ છે અને ત્રણે લોકની યાત્રાનું ફળ નથી મળતું, ગણપતિના બુદ્ધિતમત્તાપૂર્ણ તર્કથી સર્વ નિરુત્તર થઈ ગયા. પરિણામે ગણેશજી ગણાધ્યક્ષ બનીને દેવતાઓના સભાપતિ, અધ્યક્ષ અને અગ્રપૂજ્ય થઈ ગયા. અહીં આ પૌરાણિક પ્રસંગનો અછડતો ઉલ્લેખ માત્ર કર્યો છે. ખરી વાત તો એ છે કે ગણપતિની અગિયાર જે વિશેષતાઓ છે તે જો મનુષ્ય સ્વીકારે તો સામાન્ય વ્યક્તિ પણ પોતાના સમાજમાં અગ્રપૂજ્ય, અગ્રગણ્ય અને સમાજને કુશળ નેતૃત્વ દેનાર નેતા બની જાય છે. એટલા માટે આપણે ગણપતિજીની પ્રેરણા લેવી જોઈએ. આ પ્રેરણા આપણા ભૌતિક, સાંસારિક તથા આધ્યાત્મિક જીવનમાં ખૂબજ ઉપયોગી તથા લાભદાયક છે. એમાંથી તમે થોડું ઘણું પણ ગ્રહણ કરશો તો હું સમજીશ કે મારા આ લેખનું પુણ્ય મને મળી ગયું.

Always Worship **GANPATI** for fundamental quality of a Great Leaders.

**ગણાધ્યક્ષ** = The king of kings and The Leader of Leaders.

૧) **બુદ્ધિમાન, જ્ઞાનવાન** = Treasure of Knowlege

૨) **મોટા કાન** = Good Listener - વિચક્ષણ શ્રોતા

૩) **મોટું નાક** = Big Dignity - ખતરો સૂંઘવાની શક્તિ

૪) **એક દાંત** = Firm Determination - દૃઢ પ્રતિજ્ઞા, દૃઢ સંકલ્પ

૫) **ચાર હાથ** = Creativity - શામ, દામ, દંડ, ભેદ.

૬) **એક હાથમાં કુહાડી** = Dare to Say No. Punishment for enemy. - સાચું કહેવાની હામ, દુશ્મનને દંડ

૭) **વરદ હસ્ત** = Always Auspicious to Others - મંગલકારી - કૃપાળુ

૮) **લમ્બોદર** = Digestive nature, Patience - ધૈર્યવાન

૯) **વિઘ્નનાશક** = Determination Destory evil from society - સમાજના દુષણને દૂર કરવાનો કૃત સંકલ્પ

૧૦) **મોદક પ્રિય** = Every time celebrating Lunch and Dinner for Good Cause - સદ્ભાવનાની પ્રત્યેક વેળાએ (ઉદારતાથી) મેળવવું - ભોજન લેવું - મેળાવડો મિજબાની

૧૧) **મૂષક સવારી** = Technique to Take work even from Smallest Creture - નાનામાં નાની વ્યક્તિ પાસેથી કામ લેવાની કુશળતા.

### શ્રી ગણેશજી પાસેથી પ્રેરણા :

ભગવાનશ્રી ગણેશજીનું વિશાળ મસ્તક આપણને ભવ્ય અને લાભદાયી વિચારો ગ્રહણ કરવાની પ્રેરણા આપે છે. એમના મોટા-નાના કાન સુવિચાર અને સલાહ સૂચનોને સાંભળવાની પ્રેરણા આપે છે. લબડતું નાક પ્રતિષ્ઠા અને આફતને સૂંઘવાની પ્રેરણા આપે છે. એમનું નાનકડું મુખ ઓછું બોલવાની પ્રેરણા આપે છે. એક દાંત વચન બદ્ધત તેમજ નાની આંખો ધ્યાન મગ્નતાનો સંકેત આપે છે. મોટુ પેટ પાચન શક્તિ, ધૈર્યને દર્શાવે છે. કુહાડી વિઘ્નોનાં વિનાશ માટે અને વરદાન આપતી મુદ્રા માનવ માત્ર શુભ અને કલ્યાણનો હેતુ છે. આ ગુણો અન્ય કોઈ દેવમાં નથી એટલા માટે ગણપતિ અગ્રપૂજ્ય ગણાયા છે.

**જપન કે. કા.પટેલ (એફ.વાય.બી.એસ.સી.)**

*વિચાર મામૂલી ચીજ નથી,*
*મોટી મિલકત છે, પણ કોની ?*
*જે એની સરભરા કરી જાણે અને એને*
*યોગ્ય આદર આપી શકે એની. - એમર્સન*
*માનવ બન માનવતા રાખ ને સ્વાર્થને ભૂલ*

મચ્છરની સાથે જુ, લીખ, માખી, વંદા જેવા કીટકો પણ નાશ પામે છે. તેના ઉપયોગથી સગર્ભા સ્ત્રીઓ બાળકને મેલેરીયા સામે સંપૂર્ણ રક્ષણ આપી શકે છે.

યાદ રાખો મેલેરીયાથી ૫ થી ૬ દિવસ કામના બગડે છે. જેથી કારખાનામાં, ઉત્પાદનમાં, ખેતીવાડી ના કામમાં, સરકારી નોકરોને નોકરીમાં, વિદ્યાર્થીઓને શિક્ષણમાં નુકશાન થાય છે. આ નુકશાન ઘણું મોટું છે. જે સમજવું જરૂરી છે. જેથી મચ્છરનો ઉપદ્રવ અટકાવવા સજાગ રહો.

**જ્યાં જ્યાં પાણી ત્યાં ત્યાં મચ્છર**
**જ્યાં જ્યાં મચ્છર ત્યાં ત્યાં મેલેરીયા.**

# ડેન્ગ્યુ

**ડેન્ગ્યુ શું છે ?** ડેન્ગ્યુ ફીવર એ વાયરસથી થતો રોગ છે. આ તાવના વાયરસ ફલેવી વાયરસ પ્રકારના છે. અને તે સીરો ટાઈપ ૧,૨,૩ અને ૪ (ડેન્ગ્યુ ૧,૨,૩ અને ૪) તરીકે ઓળખાય છે.

**ડેન્ગ્યુ કેવી રીતે થાય છે ?** ડેન્ગ્યુ વાયરસનો ચેપ માદા એડીસ ઈજીપ્તાઈ મચ્છર દ્વારા ફેલાય છે. માદા એડીસ મચ્છર આ વાયરસ, ડેન્ગ્યુના દર્દીને કરડીને મેળવે છે. વાયરસ મચ્છરના પેટમાં વૃદ્ધિ પામે છે. ૮ થી ૧૧ દિવસમાં વાયરસથી ચેપ બનેલું મચ્છર માણસને કરડે ત્યારે તેની લાળ મારફત વાયરસ માણસના લોહીમાં દાખલ થાય છે. સામાન્ય રીતે ૫ થી ૬ દિવસ બાદ તો ક્યારેક ૩ થી ૧૦ દિવસ બાદ માણસને ડેન્ગ્યુનો તાવ આવે છે. એક વખત વાયરસથી ચેપી બનેલું મચ્છર આજીવન ચેપી રહે છે.

**ડેન્ગ્યુના પ્રકાર :** ડેન્ગ્યુના ૩ પ્રકાર છે.

(૧) Dengue Fever (DF)
(૨) Dengue Haemorrhagic (DHF)
(૩) Dengue Shock Syndrome

**ડેન્ગ્યુ ફિવર :** (DF)

(૧) અચાનક સખત તાવ આવવો. (૨) કપાળના ભાગમાં સખત અને સતત દુઃખાવો. (૩) આંખોમાં કીકી પાછળ દુઃખાવો ખાસ કરીને આંખો હલાવીએ ત્યારે દુઃખાવો થાય છે. (૪) સાંધા સ્નાયુનો સતત દુઃખાવો (૫) છાતી પર હાથ પર ઓરી જેવા દાણા થાય. (૬) ઉબકા ઉલટી થવી.

એક સીરો ટાઈપથી ચેપ લાગે તો તેની સામે કાયમી રોગ પ્રતિકારક શક્તિ મળે છે. પણ બીજા સીરો ટાઈપ સામે રક્ષણ મળતું નથી. પરીણામે બીજો સીરો ટાઈપના હુમલાથી રોગ અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરે છે.


**ડેન્ગ્યુ હેમરેજીક ફિવર (DHF)**

ડેન્ગ્યુનો આ ગંભીર પ્રકાર છે. જે પ્રાણ ઘાતક નીવડી શકે છે. તેના અગત્યના લક્ષણો. (૧) સખત તાવ (૨) પેટમાં સખત અને સતત દુઃખાવો (૩) ચામડી ઠંડી પડી જાય, ફીકી પડી જાય. (૪) મોં, નાક, પેઢામાંથી લોહી નીકળે, ચામડી પર લોહીના ચકામા પડી જાય. (૫) લોહી સાથે કે વિના ઉલ્ટી. (૬) બેચેની રહેવી તેમજ ઊંઘ આવ્યા કરવી. (૭) મોં સુકાય, વધુ પડતી તરસ લાગે. (૮) પ્લેટલેટસ ઘટી જાય.

**ડેન્ગ્યુ શોક સીન્ડ્રોમ (D.S.S.)** **ડેન્ગ્યુની આ અત્યંત ગંભીર અને પ્રાણ ઘાતક અવસ્થા છે. DHF ના અન્ય લક્ષણો સાથે બીજા લક્ષણો.**

૧) નાડી અને રગોમાંથી પાણી નીકળતા શરીરમાંથી પાણી ઘટવા લાગે છે. (૨) શરીરમાંથી પ્લાઝમાં પણ ઘટી જાય છે. પરીણામે લોહી પણ ઘટે છે. (૩) પલ્સરેટ ઘટી જાય છે. (૪) બ્લડ પ્રેશર નીચુ રહે છે. (૫) દર્દીને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. ૬) દર્દી કોમામાં ચાલ્યો જાય છે. આ સ્થિતિમાં મૃત્યુનો ભય વધુ રહે છે.

**સારવાર :** ડેન્ગ્યુની કોઈ નિશ્ચિત સારવાર કે રસી નથી. માત્ર લક્ષણો ઉપરથી સારવાર અપાય છે. ઉપરના પૈકી કોઈપણ લક્ષણ જણાય તો નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી અને તે મુજબ સારવાર લેવી. દર્દીને સંપૂર્ણ આરામ આપવો. ડેન્ગ્યુ હેમરેજીક ફિવરની શકતા હોય ત્યારે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવો.



**નિદાન :** ડેન્ગ્યુનું ચોક્કસ નિદાન લોહીના સીરોલોજીકલ ટેસ્ટ બાદજ થઈ શકે છે. **I.G.M.** જો પોઝીટીવ હોય તો દર્દીને હાલમાં ડેન્ગ્યુ લાગુ પડ્યો છે તેમ કહેવાય. **I.G.M.** નેગેટીવ હોય અને **I.G.G.** પોઝીટીવ હોય તો ૫ થી ૬ માસ પહેલા ડેન્ગ્યુ થયો હતો. તેમ કહી શકાય.

**લોહીની તપાસ :** અદ્યતન લેબોરેટરી, મોટી હોસ્પિટલમાં જ શક્ય છે. લોહીના પ્લેટ લેટસ - **D.H.F.** ૬-દિવસ પછી થાય. પ્લેટ લેટસ ૧ લાખ થી ઓછા થાય તથા જો વધુ ઘટે તો દર્દીનું મૃત્યુ થઈ શકે છે. દર્દીને લોહી બહારથી ચડાવવું પડે છે.

**ડેન્ગ્યુ વાહક એડીસ ઈજીપ્તાઈ મચ્છરનો ઉપદ્રવ ક્યાં અને કેવી રીતે થાય. :-** એડીસ ઈજીપ્તાઈ ઘર વપરાશના ચોખ્ખા પાણી ભરેલા પાત્રો, મનીપ્લાન્ટ, ડેમીટ કુલર, વોટર કુલર, શાળા કે ઘરની અગાસીમાં કે છત પર ભરાઈ રહેલ પાણી, ઘરની આજુ બાજુ પડી રહેલા ટાયર, નકામા ડબા, કાચની શીશીઓ, નારીયેળના કોચલા વિગેરે ભંગાર, પાણીની ખુલ્લી રહેલી ટાંકીઓ, કુવારામાં ભરાઈ રહેલા પાણી વિગેરે પાત્રોમાં ૧૫૦ થી ૨૦૦ ની સંખ્યામાં ઈંટા મૂકે છે. ઈંડામાંથી મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે.

**હંમેશા યાદ રાખો :** **(૧) એડીસ ઈજીપ્તાઈના શરીર પર ઓળખી શકાય તેવા કાળા ધોળા પટ્ટા હોવાથી તેને ટાયગર મચ્છર પણ કહે છે. (૨) તે માત્ર દિવસે જ કરડે છે. જેથી તેને ડેબાયટર પણ કહે છે. (૩) ઘરના પાણીના સંગ્રહના પાત્રોમાં ઈંડા મુકતુ હોવાથી તેને ડોમેસ્ટીક બ્રીડર પણ કહે છે. (૪) સવારે તથા મોટે ભાગે સવારે ૯ થી સાંજના ૬ સુધી કરડતું હોવાથી રમુજમાં તેને ઓફીસ ટાઈમ કહે છે. (૫) તે ઉત્પત્તિ સ્થાનથી ૪૦૦ મીટરથી વધુ ઉડી શકતું નથી.**

**ડેન્ગ્યુ સામે તકેદારીના પગલાં :** એડીસ મચ્છર ભારતમાં સર્વત્ર જોવા મળે છે. ચોમાસા દરમ્યાન અને ચોમાસા પછી તેના ફેલાવાની શક્યતા વધી જાય છે. તે ડોમેસ્ટીક બ્રીડર હોવાથી તેને થતા રોકવા પ્રત્યેક નાગરીકની ફરજ છે.

આપણે (૧) પાણી ભરવાના તમામ પાત્રો સુરક્ષિત ઢાંકણથી ઢાંકેલા રાખવા જોઈએ. (૨) ભંગાર ટાયરો, ઘરની આસપાસ નકામા ડબલા, કાચની બોટલો, નારીયેળના કોચલા વિગેરે પાણી ભરાઈ રહે તેવા ભંગાર પાત્રોનો નિકાલ કરવો જોઈએ. (૩) એરકુલર, ડેઝર્ટ કુલર, રેફ્રીજરેટરની પાછળ આવેલી પાણી નિકાલની ટ્રે, મની પ્લાન્ટ વિગેરેમાં નિયમીત પાણી બદલવું જોઈએ. (૪) શક્ય હોય તો એરકુલર-ડેઝર્ટકુલરની ટ્રેમાં પાણી ભરતા અગાઉ સપાટી પર કેરોસીન લગાડવું જોઈએ. **(૫) બીનજરૂરી પાણીના પાત્રો ભરેલા રાખવા નહીં. અને તે ઉંધા મૂકી રાખવા તથા ટાંકી, કોઠી, પીપ વિગેર પાણી ભરેલા પાત્રો ને બ્રશથી સાફ કરવા જોઈએ. કારણકે એડીસના ઈંડા ચીકણા હોવાથી પાત્રની સપાટી સાથે ચોંટી રહે છે. વળી તે લાંબા સમય સુધી જીવતા રહેતા હોવાથી ફરીથી એ પાત્રમાં પાણી ભરવામાં આવે તો તે ઈંડામાંથી મચ્છર થઈ શકે છે.** (૬) શરીરના અંગો વધુ પડતા ખુલ્લા ન રહે તેવા કપડાં પહેરવા જોઈએ. દિવસે આરામ કરતા બાળકને મચ્છરથી સુરક્ષિત જગ્યાએ સુવડાવવા જોઈએ. (૭) મેટ-ક્રિમ કે મચ્છર નાશક અગરબત્તી પૈકી અનુકુળ હોય તેનો ઉપયોગ કરવો જોઈએ. (૮) શરીર ઝીણી ફોલ્લીઓ થાય અને તીવ્રતાવાળો તાવ બાળકને આવતો હોય ત્યારે ઓરી અછબડા જ છે. તેમ માની ન લેતા ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ. ધાર્મિક માન્યતાઓ સાથે વૈજ્ઞાનિક તથ્યોનો પણ આપણે સ્વીકાર કરવો જોઈએ. (૯) શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીને તાવ માટે દુઃખાવા માટે એસ્પીરીન કે બ્રુફેન દવા જાતે આપવી જોઈએ નહીં. તેનાથી પેટમાં રક્ત સ્ત્રાવ થઈ શકે છે. અને ડેન્ગ્યુનો તાવ હોય તો તેમાં **Complication** વધી શકે છે.

**મેલેરીયા અને ડેન્ગ્યુ સામેનો જંગ**
**આવો લડીએ મળી સો સંગ**

**સંકલન : અક્ષય એમ. શેલત**
**શહેરી મેલેરીયા યોજના - ખંભાત નગરપાલિકા**

* * *

## ઠંડીમાં આપણું શરીર કેમ ધ્રુજે છે ?

કુદરતે પ્રાણીમાત્ર માટે નક્કી તાપમાન આપ્યું છે. અને બદલાતી ઋતુમાં પણ એ તાપમાન પ્રમાણમાં બદલાયએ માટે કુદરતી આયોજન થતું હોય છે. ઠંડીમાં આ તાપમાનનું નક્કી થયેલું પ્રમાણ ટકી રહે તે માટે શરીરમાંની ગરમી ઠંડીને કારણે ઓછી થતી હોય છે એટલે શરીર ધ્રુજે છે. શરીરમાંના સ્નાયુઓ ગુમાવેલી ગરમી પાછી લાવવા શરીરને હલચલમાં મૂકે છે એટલે કે કસરત કરાવે છે જેને લીધે આપણે ધ્રુજારી અનુભવીએ છીએ. જો આવા સમયે આપણે ઝડપથી ચાલવાની ક્રિયા કરીએ કે કસરત કરીએ તો પણ ઘટેલી ગરમી પાછી મળે છે જેથી શરીરનું ધ્રુજવું ન પડે.

## વિશેષ માહિતી

- ⇨ માણસના શરીરનું તાપમાન ૩૭ સે. છે.
- ⇨ હાથીનું ૩૬.૫ સે છે.
- ⇨ ઘોડાનું ૩૭.૮ સે છે.

## અજમાવી જુઓ

**અદશ્યલખાણ :** લીંબુનો રસ, ડુંગળીનો રસ, દૂધ કે મીણ વડે લખેલા લખાણો નરી આંખે દેખાતા નથી પણ કાગળને જરા ગરમ કરવાથી તરત વાંચી શકાય છે.

**ગુંદર :** પાણીમાં ઓગાળેલા ટંકરખાણના દ્રાવણમાં બગડી ગયેલા દૂધના ફોદા ઓગળવાથી સારો ગુંદર બનશે.

**માખી :** ચા ગાળી લીધા બાદ વધતા કૂચાને સૂકવી તેનો ધુમાડો કરવાથી માખી દૂર ભાગે છે.

**વંદા :** જ્યાં વંદાઓ વધુ હોય ત્યાં કળી ચુનો રાખવાથી તે નાશી જશે.

**કડવી દવા :** કડવી દવા પીવી ન ગમતી હોય તો તે પીતાં પહેલા એક ટૂકડો બરફનો ચાવી જશો. ત્યાર પછી કડવાશ ઓછી લાગશે.

**વાસી શાક :** વાસી શાકને નીચવેલા ઠંડા પાણીમાં એકાદ કલાક રાખવાથી તાજા જેવા થઈ જાય છે.

**કુકરમાં ભાત :** કુકરમાં ભાત રાંધતી વખતે તેમાં લીંબુના બે ટીપાં નાખવાથી ભાત છૂટો તેમજ સફેદ થશે.

## 3367 ની ચમત્કારીતા જુઓ

| | | | | |
|---|---|---|---|---|
| 3367 | x | 33 | = | 111111 |
| 3367 | x | 66 | = | 222222 |
| 3367 | x | 99 | = | 333333 |
| 3367 | x | 132 | = | 444444 |
| 3367 | x | 165 | = | 555555 |
| 3367 | x | 198 | = | 666666 |
| 3367 | x | 231 | = | 777777 |
| 3367 | x | 264 | = | 888888 |
| 3367 | x | 297 | = | 999999 |

## 76923 ની ચમત્કારીતા જુઓ

| | | | | |
|---|---|---|---|---|
| 76923 | x | 1 | = | 076923 |
| 76923 | x | 10 | = | 769230 |
| 76923 | x | 9 | = | 692307 |
| 76923 | x | 3 | = | 230769 |
| 76923 | x | 4 | = | 307692 |

## કેટલાક મોટા આંકડાઓની ઓળખાણ

| સંખ્યા | અમેરિકા અને ફ્રાન્સ | યુરોપિય દેશો | ભારત |
|---|---|---|---|
| ૧ અને ૫ શૂન્ય | એકસો હજાર | એકસો હજાર | એક લાખ |
| ૧ અને ૬ શૂન્ય | મિલિયન | મિલિયન | દસ લાખ |
| ૧ અને ૭ શૂન્ય | દસ મિલિયન | દસ મિલિયન | એક કરોડ |
| ૧ અને ૮ શૂન્ય | સો મિલિયન | સો મિલિયન | દસ કરોડ |
| ૧ અને ૯ શૂન્ય | બિલિયન | મિલિયર્ડ | અબજ |
| ૧ અને ૧૨ શૂન્ય | ટ્રિલિયન | બિલિયન | ખર્વ |

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ______________________

______________________

______________________

______________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬